# 'નિયાંપો'

**શ્રી કચ્છી મિત્ર મંડળ**

**હૈદરાબાદનું મુખપત્ર**

વર્ષ : ૧૮ અંક : ૨૨૨



પ્રમુખ

**મણીકાંત મેઘજી મોમાયા**

મો.૯૭૦૩૧ ૦૧૦૧૦

માનદ્ મંત્રી

**પંકજ હીરજી સાવલા**

મો. ૯૮૪૯૭ ૪૭૬૨૫

સંપાદિકા

**શ્રીમતી દર્શના દિનેશ દેઢિયા**

ફોન. ૬૬૪૬ ૩૬૯૫,

મો. ૮૧૦૬૪ ૦૭૧૯૧

સહ-સંપાદક

**રમેશ મણીલાલ શાહ**

ફોન. ૨૪૭૫ ૧૮૭૫,

મો. ૯૪૪૦૯ ૯૬૬૫૨

*કાર્યાલય*

**શ્રી કચ્છી મિત્ર મંડળ**

શ્રી કચ્છી ભવન, ૩-૫-૧૪૨,

ઇડનબાગ, રામકોટ,

હૈદરાબાદ ૫૦૦ ૦૦૧.

ફોનઃ ૨૪૭૫૨૩૮૩, ૬૫૯૪ ૨૩૮૩

**email : hydkmm@gmail.com**

**Web : www.kutchibhavanhyd.org**



મુદ્રક : **ચંદ્રપ્રભા ગ્રાફિક્સ**

૩૭, રૉયલ પ્લાઝા,

સુલતાન બજાર, હૈદરાબાદ-૯૫

ફોન ૦૪૦-૬૬ ૭૮૦ ૭૮૦

**email :chandraprabhagraphics@gmail.com**

કિંમત - **રૂ. ૧/-**



"નિયાંપો" માં પ્રગટ થતા કોઈ પણ લેખ, માહિતી, કે જાહેરાત માટે મંડળ કે સંપાદકોની કોઈ જવાબદારી રહેશે નહી, જેની નોંધ લેવા વિનંતી.




## પ્રમુખશ્રીનો સંદેશ

**મણીકાંત મેઘજી મોમાયા**

શિયાળાની ગુલાબી ઠંડી શરૂ થઈ ચુકી છે. સ્વાસ્થ્યને ચુસ્ત રાખવા આ ૠતુ બહુજ લાભદાયક છે.

આ મહિને માવજત સમિતિ દ્વારા આયોજીત મેડીકલ કેમ્પ બહુજ સફળ રહ્યો. શાંતી પ્રાઈમરી સ્કુલ દ્વારા આયોજીત હેન્ડીક્રાફ્ટનો શો બહુજ સુંદર રીતે પરિપૂર્ણ થયું. સ્કુલના બાળકો દ્વારા બનાવેલી બેનમૂન વસ્તુઓ જોઈને દંગ રહી જવાય તેવી હતી. સ્કુલની શિક્ષીકાઓનો આ મેળામાં વિશેષ સહકાર હતો. તેમને ખુબ-ખુબ અભીનંદન. મહિલા સમિતિ દ્વારા આયોજીત કાર્યક્રમને બહુજ સારો પ્રતિશાદ મળેલ. આ કાર્યક્રમમાં અભુતપૂર્વ કહી શકાય એવી હાજરી ધ્યાન ખેંચતી હતી.

આ સર્વે કાર્યક્રમોની વચ્ચે બહુજ નાની ઉંમરની વ્યક્તિઓનું અકાળ મૃત્યુ આખા સમાજ માટે આંચકા રૂપ હતી. પ્રભુ દિવંગત આત્માઓને પરમ શાંતી આપે એવી પ્રાર્થના.

## ❖ આ માસની ડાયરી ❖

| | |
|---|---|
| રવિવાર, ૫-૧-૨૦૧૪ | **ફ્રી જનરલ હેલ્થ કેમ્પ**<br>કચ્છી ભવન, રામકોટ<br>રજીસ્ટ્રેશન - ૨૩-૧૨-૨૦૧૩ |
| રવિવાર, ૫-૧-૨૦૧૪ | શાંતિવન સમિતિ<br>**"પર્યટન"** |



**Donate Eyes - Give Eyes - Live Twice**



હવે આપ વેબ સાઈટ ઉપર "નિયાંપો" વાંચી શકો છો

**www.kutchibhavanhyd.org**

**http://www.asanjokutch.com/kutchhi-pub.asp**



# મંત્રીશ્રીનો અહેવાલ

પંકજ હીરજી સાવલા

શિયાળા ઋતુ શરૂ થઈ ગયેલ છે, અને આ ઋતુમાં તન્દુરસ્તી પ્રત્યે સજાગ રહી વિવિધ, કસરતો, વોકીંગ અને અન્ય ઉપાયો અજમાવી તાજામાજા અને ચુસ્ત રહેવાનો સમય છે.

નવેમ્બર માસ વિવિધ પ્રવૃત્તિઓથી વ્યસ્ત રહ્યુ, ભવન બુકીંગ પણ ઠીક રહી.

મહિલા સમિતિ આયોજીત ડાન્સ કાર્યક્રમ બહેનો અને બાળકોની ભરચક હાજરીમાં ખુબજ સારી રીતે ઉજવાયુ, કાર્યક્રમની સફળતાનો શ્રેય શ્રીમતી ખુશાલીબેન નાગડાને જાય છે. અભિનંદન.

શાન્તિ પ્રાયમરી સ્કુલ આયોજીત ચીલ્ડરન કાર્નીવાલ (પ્રદર્શની) ખુબજ ધ્યાન આકર્ષિત હતુ, નાના બાળકોએ, બનાવેલ વિવિધ પદર્શની, અલગ અલગ સંદેશો આપતી હતી, આનો શ્રેય સ્કુલ અધ્યાપીકાઓને જાય છે. સંચાલક શ્રી નવીનભાઈ હરીયાને અભીનંદન.

માવજત સમિતિ આયોજીત મેડીકલ કેમ્પ મેટ્રોડાયગ્નોસ્ટીક મધ્યે ચાલુ છે અને મેમ્બરો તરફથી સારો પ્રતિસાદ મલી રહ્યો છે. ભવિષ્યમાં પણ આવા મેડીકલ કેમ્પનું આયોજન જરૂરી છે. સહુ કોઈની સ્વાસ્થયની તકેદારી રાખવા બદલ માવજત સમિતિના દરેક કાર્યકર અને શ્રી કીર્તીભાઈનો ખુબ ખુબ આભાર.

રમત-ગમત સમિતિ દ્વારા આપણા સમાજની એક ક્રીકેટ ટીમ (૧૬ મેમ્બર) ગુજરાતી રાજસ્થાની પ્રીમીયર લીગમાં રમવા મોકલાવવામાં આવી છે. આ પ્રતિયોગીતા લગભગ ૨ મહીના ચાલશે. સંચાલક હાર્દીક ગાલાને અભીનંદન અને આ કાર્યના આયોજનમાં સાથ આપનાર મનીષભાઈ સાવલાનો આભાર.

વોટર આઈ.ડી. કાર્ડ એનરોલમેન્ટ માટેનો બીજો કેમ્પ તા. ૨૪-૧૧ નાં દિને રાખવામાં આવેલ, લગભગ ૭૦ ફોર્મ સ્વીકારવામાં આવેલ, આ કાર્ય માટે શ્રી જીતેનભાઈ મજેઠીયા ખુબ મહેનત કરી રહયા છે, સમાજવતિ એમનો આભાર, આ કાર્ય માટે લહેરચંદભાઈ લોડાયા પોતાનો સમય ફાળવી રહ્યા છે એમનો આભાર.

કારોબારી સમિતિની એક સભા તા. ૩૦-૧૦-૨૦૧૩ના દિવસે રાખવામાં આવેલ.

શિક્ષણ અને માવજત ક્ષેત્રે નવા કાર્યો અને સ્કીમો વિચારાધીન છે, સમય અનુસાર જાણ કરવામાં આવશે.

નવા સભ્યો બનાવવાનું કાર્ય અને ફોર્મ વિતરણ જાન્યુઆરી માસથી કરવામાં આવશે વિગત અન્યત્ર અપાયેલ છે.

ભવન મેનટેનન્સનું કાર્ય સુચારૂ રૂપથી ચાલુ છે જરૂરીયાત મુજબ કાર્યો કરવામાં આવી રહ્યા છે.

**ઈલેકશન કાર્ડ સુચના**

જે ભાઈ-બહેનોએ નવા વોટર આઈ.ડી કાર્ડ માટે એપ્લીકેશન આપ્યા હતા તેઓને વિનંતી છે કે પોતાનું એપ્લીકેશન સ્ટેટસ જોવા માટે Log on to ceoandhra.nic.in માં જઈને તથા E-Registration માં જઈને know your status ને કલીક કરે.

આપ સર્વેને સેલફોન ઉપર એક એપ્લીકેશન આઈ.ડી નંબર ૮-Digit માં આવેલ છે. તેમાં આ એપ્લીકેશન નંબર ટાઈપ કરીને search બટન દબાવો ત્યાર બાદ રાઈટ સાઈડમાં view status ને ક્લીક કરો અને તમે તમારૂ Status જોઈ શકો છો.

જે ભાઈ-બહેનો પાસે વોટર કાર્ડ નથી અથવા જેનું કાર્ડ ખોવાઈ ગયો છે, તેમને વિનંતી છે કે તેઓના વોટર લીસ્ટમાં નામ જોવા માટે Log on to ceoandhra.nic.in માં જઈને search your name ને ક્લીક કરે. District માં હૈદ્રાબાદ ક્લીક કરો. AC Name માં તમારૂ એસેમ્બલીનું નામ ક્લીક કરી House No માં તમારૂ ઘર નંબર ટાઈપ કરી search બટન દબાવો.

તમારા એડ્રસમાં જે મેમ્બરનું નામ છે તે તમે વોટર લીસ્ટમાં જોઈ શકશો જેની પાસે વોટર લીસ્ટમાં નામ છે પણ વોટર કાર્ડ નથી એ લીસ્ટનું પ્રિન્ટ આઉટ કાઢી લે.

ખાસ જણાવવાનું કે વોટરકાર્ડ તમને પોસ્ટથી નહી આવે. જેના નામનું વોટર કાર્ડ છે, તેઓ જાતે જઈને e-seva માંથી મેળવી શકે છે.

વધૂ વિગત અને જાણકારી માટે આપ જીતેન ગોપાલજી મજેઠીયાને સંપર્ક કરી શકો છે. નંબર ૯૮૬૬૪૦૭૩૩૨.



## સંપાદકીય

સંપાદિકા : **શ્રીમતિ દર્શના દિનેશ દેઢિયા**

સહ સંપાદક : **રમેશ મણીલાલ શાહ**

સાધારણ રીતે શિયાળો એટલે ઠંડી. ખુશનુમા આબાહેવા, શિયાળુપાક, વસાણા, ઉંધીયુ ખાવાની અને તબીયત બનાવવાની મૌસમ.

પરંતુ હમણાનું વાતાવરણ જોઈને થાય કે આતે કેવો શિયાળો ! ડીપ્રેશન (હવાનું નીચું દબાણ), વરસાદ, વાવાઝોડા અને કેટલીક જગ્યાએ અસહય ગરમી અને આની સાથે સાથેજ અસહય મોંઘવારી. માણસોના મન અને વ્યવહાર જેમ બદલાયા છે તેવીજ રીતે હવે કુદરતના પણ સ્વરૂપ બદલાયા કરે છે. ઋતુઓની વ્યાખ્યા પણ ધીરે ધીરે બદલાયા કરે છે. જ્યાં અનાજ તથા દવાદારૂને પણ ન પહોંચી શકાય ત્યાં ફળફળાદિ તથા ઉંધિયા જેવી વાતો તો ક્યાંથી કરી શકાય ? બધેજ મોંઘવારીનો માહોલ છે. છતાં મોટા મોટા મોલ તરફ જોઈએ તો ક્યાંય મોંઘવારીની અસર દેખાતી નથી. આમ બે અલગ અલગ પાસા દેખાય છે.

આવી વિષમ પરીસ્થિતિમાં પણ આપણો સમાજ વિવિધ લક્ષી સમાજોપયોગી કાર્યો કરી રહ્યો છે. સેવા, દવા, શિક્ષણ ઈત્યાદીથી માનવ સેવાના કાર્યો થઈ રહ્યા છે, આવા સમયે પૈસાનો કોઈ પણ પ્રકારે વેડફાટ ન થાય તેમજ કોઈ માનવસેવાના કાર્યમાં વપરાય તેજ વિચારવું.

## નિબંધ પ્રતિયોગિતા - ૩નું પરિણામ

"પારકી આશ સદા નિરાશ" એ કહેવત ઉપર રાખેલ નિબંધ પ્રતિયોગિતામાં આવેલ કૃતિઓમાંથી નીચે આપેલ કૃતિઓને પ્રથમ બે ઈનામો આપવામાં આવેલ ચે.

૧. શ્રી મહેન્દ્ર વોરા  રૂા. ૩૦૦

૨. શ્રીમતી પુનમ પ્રદિપ સંઘવી  રૂા. ૨૦૦

વિજેતાઓને ભવનની ઓફિસમાંથી ઈનામો મેળવી લેવા વિનંતી. ઈનામોના દાતા શ્રી પંકજ હીરજી સાવલાનો આભાર. સાથે સાથે નિબંધોનું મુલ્યાંકન કરનાર શ્રી જયંતભાઈ વોરા તેમજ શ્રી દિપ્તીબેન રવિકુમારનો આભાર.

# માનવ મિત્ર સમિતિ

સંચાલક :
**હરિલાલ ભીમશી સાવલા**

પ્રતિ વર્ષ અમે તા. ૨૬મી જાન્યુઆરીના દિવસે ધ્વજવંદન સાથે અન્ય કાર્યક્રમો, મૂઠ્ઠીભર યોજનાના વોલીન્ટરો, આશ્રમના બાળકો સાથે મલીને ઉજવીએ છીએ. સંજોગાવસાત્ તા. ૨૬મી જાન્યુઆરીનો આ કાર્યક્રમ કરી શકીએ તેમ નથી પણ તેને બદલે તા. ૯-૧-૨૦૧૪ના દિવસે કોઈ આશ્રમના બાળકો સાથે મળી કાર્યક્રમ માટેની અમારી કોશિષ ચાલુ છે. આગામી 'નિયાંપો'માં કાર્યક્રમના સ્થળની માહિતી આપવામાં આવશે. આ કાર્યક્રમને સફળ બનાવવા આપણા સમાજના સખી-દાતાઓનો સાથ-સહકાર મળતો રહે છે. અમારા મૂઠ્ઠીભર અનાજ યોજનાના વોલીન્ટર ભાઈ-બહેનો આપને સંપર્ક કરતા તેઓને તમારી યથાશક્તિ દાન-આપવા વિનંતી.

માનવમિત્ર સમિતિને નીચે મુજબના દાન પ્રાપ્ત થયા છે

રૂા. ૫૦૦૦.૦૦ શ્રી દામજી જીવરાજ નાગડા

રૂા. ૨૫૦૦.૦૦ શ્રી પ્રફુલ્લ ઝવેરીલાલ ગાલા

ઉપરોક્ત દાતાઓનો ખુબ આભાર.

**અવસાન નોંધ :** સ્વ. પ્રેમજી ચનાભાઈ નાગડા, ઉ.વ. ૭૦, ગામ વીઠ (મુંબઈ) (શ્રી રીતેશ હરખચંદ ગડાના સસરાજી)

**મૂઠ્ઠીભર અનાજ યોજના :** ગત માસમાં ૨૭૫ કીલો ચોખા પ્રાપ્ત થયા છે. જેને આશ્રમમાં વિતરણ કરેલ છે.

**સુધારો :** મૂઠ્ઠીભર અનાજ યોજનાના વોલીન્ટર ભાઈ-બહેનોએ કુલ્લ ૨૫૦ દિવા (દિપક)નું વેચાણ કરેલ છે.

| દાતાઓના નામ | આશ્રમ રૂા. | ગૌશાલા રૂા. | ડાયાલીસીસ (એક ના રૂ ૫૦૦ લેખે) | પીપલ્સ ફોર એનીમલ | હોસ્પિટલ | ગૌ-ઘાસ | કબુતર..... |
|---|---|---|---|---|---|---|---|
| શ્રી પ્રફુલ્લ ઝવેરીલાલ ગાલા (પૌત્ર ચિ.કેવલ ચંદ્રેસના જન્મદિન) | ૨૦૦૦ | ૨૦૦૦ | ૪ | ૨૦૦૦ | ૨૦૦૦ | - | - |
| એક સદ્‌ગ્રહસ્થ તરફથી | ૧૦૦૦ | ૧૦૦૦ | ૪ | ૩૦૦૦ | ૧૦૦૦ | - | - |
| શ્રીમતી સરસ્વતીબેન ખીમજી કારાણી | ૫૦૦ | - | ૧ | - | - | - | - |
| નમ્રતા કમલેશ મહેતા | ૨૫૦ | - | - | ૨૫૦ | - | - | - |
| શ્રી પ્રફુલ્લ કુવરજી ધરોડ | - | ૫૦૦ | - | ૫૦૦ | - | - | - |
| એક સદ્‌ગ્રહસ્થ તરફથી | - | - | ૧ | - | - | - | - |
| શ્રી પદમ હરીયા | - | ૭૦૦ | - | - | - | - | - |
| શ્રીમતી રેખાબેન રતિલાલ સંગોઈ | - | ૫૦૦ | - | - | - | - | - |
| સ્વ.સરલાબેન કિર્તી ગાલા | ૫૧૦૦ | ૧૦૦૦ | - | - | - | - | - |
| શ્રી લહેરચંદ લોડાયા પૌત્ર-પૌત્રીના જન્મદિન પ્રસંગે | - | - | - | - | - | ૧ | - |
| ચિ. શ્રુતી હિતેન સંઘોઈ | - | ૫૦૦ | - | - | - | - | - |

| | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|
| શ્રી ગાલા ભાવિક મંડળ | ૨૦૦૦ | ૨૦૦૦ | ૧૦ | ૧૦૦૦ | - | - | ૨૫૦૦ |
| શ્રી તેજશ હરિશ ગાલા પૂ. પિતાશ્રીની પુણ્યતીથી નિમિત્તે | - | ૧૦૦૦ | - | ૧૦૦૦ | - | - | - |
| શ્રી લક્ષ્મીચંદ ખીમજી છેડા | - | ૬૫૦૦ | - | - | - | - | - |
| ચિ. મિહિર દિનેશ દેઢિયાના જન્મ દિન નિમિત્તે | - | - | ૨ | - | - | - | - |

## SIKSHAN SAMITI

Sanchalak : **VIPUL HARILAL NISAR**
9848129772

### The Roots of education are bitter, but the fruit is sweet. - Aristotle

Dear Students,

As the half yearly terminal exams approach, we from KMM wish you best of luck in your exams. Many students who are on the threshold of completing the school by March 2014 are in a quandary as to which stream to choose for their Intermediate or 11-12th classes and further in degree courses.

KMM Shikshan Samiti will shortly commence career counseling classes for students of Xth, XI and XII standards. Kindly register your names in the KMM office by 31st Dec. 2013 by submitting the below form.

Full Name Parent : KMM Membership No. :

Name of Student : Age : Std. :

Mobile Number :

**Parents participation in counseling session is compulsory.**

Date and time slot for counseling will be conveyed by SMS.

I request all parents and students to take keen interest and avail this opportunity.




**દરેક પ્રકારના લાઇફ તથા જનરલ વીમા માટે સંપર્ક કરો :**

**લક્ષ્મીચંદ કેનિયા** M.A. MDRT (USA)

ઓફિસ : ૪–૪–૨૨૮, ઈન્દ્રબાગ, સુલતાન બજાર, હૈદરાબાદ – ૫૦૦ ૦૯૫.

નિવાસ : ફ્લેટ નં. ૧૦૭–૧૦૮, શ્યામ એન્કલેવ, આર્ય સમાજ મંદિરની સામે, બડી ચાવડી, સુલતાન બજાર, હૈદરાબાદ ૫૦૦ ૦૯૫. ફોન. (નિ.) ૬૪૫૬૨૭૫૪ (મો.) ૯૮૪૯૬ ૪૭૨૫૯ (જા.ખ.)

આજકાલ પ્રેટ્રોલના ઉંચા ભાવ અને ટ્રાફીક જામને લીધે ૪ વ્હીલર કરતા ૨ વ્હીલર જ વધારે કામ આવે છે. જે સીખવા માટે ગૃહણીઓ અને કૉલેજની છોકરીઓ સંપર્ક કરે કેમકે કાલ કયારે નથી આવતી.

**અનિતા જૈન - ફોન. : ૯૯૬૬૯૯૧૦૯૩, ૬૬૬૨૭૫૨૯** (જા.ખ.)

# માવજત સમિતિ

સંચાલક : **કીર્તિ ટોકરશી કાપડિયા ૯૩૯૧૦ ૧૨૯૬૯**

## હેલ્દી-હાર્ટ ચેક-અપ કેમ્પ

**Healthy Heart Check-up** : તા. ૧૭-૧૧ થી ચાલુ થયો અને તા. ૧૫-૧૨-૧૩ સુધી ચાલશે જેમ નક્કી થયેલ તેમ ૧૦૦ સભ્યોને લેવામાં આવેલ છે. બીજો ૧ દિવસ માટેનો **Free Checkup Camp, Care Hospital** થી તા. ૫ જાન્યુઆરી, ૨૦૧૪નું નક્કી થયેલ છે.

શ્રી કચ્છી મિત્ર મંડળ સંચાલીત ત્રણે દવાખાના રાબેતા મુજબ ચાલે છે. સભ્ય પરિવારોના હિતાર્થે નીચે મુજબની યોજનાઓ ચાલુ છે.

૧) **Diagnostic Testing** : સભ્ય તથા એના પરિવારજનો હૈદરાબાદના કોઈપણ ડાયગ્નોસ્ટિક સેંટરમાં ટેસ્ટ કરાવી બીલ ઉપર ૨૫ ટકા મજરે મેળવી શકશે. આ માટે ૧ ) ઓરિજીનલ બીલ તથા ડોક્ટરના પ્રીસ્કીપસનની ઝેરોક્ષ કોપી લાવવાની રહેશે ૨) સભ્યદીઠ બીલ રૂ. ૫૦૦૦/- થી વધારે હશે તો રૂ. ૫૦૦૦/- સુધીની રકમ ઉપર ૨૫ ટકા મજરે મળશે. ૩) બીલનું પેમેન્ટ એક મહિનાની અંદર મજરે લેવાનો રહેશે. ૪) બીલ ઉપર સભ્ય (પરિવારજન) તથા ડોક્ટરનું નામ હોવું જરૂરી છે. મજરે ભવનની ઓફિસથી કોઈપણ વર્કીંગ દિવસના સવારના ૯.૦૦ થી ૧૦.૩૦ સુધીમાં મળશે.

૨) **Diagnostic Test Charges** : Insurance Co. થી Testing Charges પાછા મેળવવા હોય તો તમારી Insurance Policy Page No. 2 માં Cum. Bonus અગર ૨૦ ટકા અથવા ઉપર જમાં હોય તો Insurance Policy ની રકમ ઉપર ૧ ટકા મળી શકે. e.g. ૧,૦૦,૦૦૦/- ની પોલીસી ઉપર ૧ ટકા મળે. વધુ વિગત માટે સંચાલક અથવા શ્રી મોદાની નો સંપર્ક કરવા વિનંતી.

**નોંધ** : આપની મેડિક્લેમની જૂની પોલીસીઓ પણ સંભાળીને રાખવી, ક્યારે પણ એની જરૂર પડી શકે છે.

૩) **Mediclaim Insurance** : ૨૦૧૩થી કંપનીવાળાએ નવી પોલીસી ૨૦૧૨ કરીને બહાર પાડેલ છે, જેમાં ૨૦% થી ૩૫% પ્રીમીયમના દર ઉમરના હિસાબે વધ્યા છે. અને પોલીસીમાં ૧૦ item માં ફેરફાર થયા છે. જે આપણી પાસે વિગત આવશે ત્યારે નીયાંપોમાં આપશું. આપ સંચાલકભાઈથી પણ માહિતી મેળવી શકશો.

૪) **Hospitalisation** થતી વખતે નાણાકિય સહાયની જરૂરત હોય તો સભ્યોએ એની application મંડળની ઓફીસમાં આપવી જરૂરી છે. જેમાં નીચે મુજબની બીમારી cover નહીં થાય.

૧) પ્રસુતિ, ૨) ફિઝીયોથેરપી, ૩) માલીશ, ૪) ડેન્ટલ ટ્રીટમેન્ટ, ૫) કેટ્રેક ઓપરેશન, ૬) કોસ્મેટીક સર્જરી ઈત્યાદીને મેડિકલ સહાય નહીં મળે.

૪) **KIMS Hospital** માં OT માં કચ્છી સમાજનો મેડિકલ કાર્ડ બતાવવાથી Discount મળે છે. તે જાણશો.

King Kothi Hospital માં ભાઈ હર્ષદભાઈ ધરોડ જાય છે તથા Treatment ની બધી સગવડ છે તેનો લાભ લઈ શકો છે. આપણા એક સભ્ય Mrs. Ranjanben P. Kotak, (9292306399) અઠવાડીયામાં બે (૨) દિવસ જાય છે. એમનો પણ સંપર્ક કરી શકો છો.

# શ્રી કચ્છી મિત્ર મંડળ

## માવજત સમિતિ આયોજીત

# Free General Health Camp

સ્થળ : કચ્છી ભવન

તા. ૫-૧-૨૦૧૪ રવિવાર

સમય : સવારના ૮.૩૦ થી ૨.૦૦ વાગ્યા સુધી

**Care Hospital, Nampally, Hyderabad**

ની ટીમ નીચે મુજબના ટેસ્ટ કરશે.

1. Blood Pressure Check-up
2. R.B.S. (Random Blood Sugar) Check-up
3. ECG
4. 2D Echo
5. BMD (Bonemaro Density)
6. Weight Check-up
7. Doctor's Consultation

વહેલા તે પહેલાના ધોરણે ફક્ત ૨૫૦ જણનેજ લેવામાં આવશે. રજીસ્ટ્રેશન રૂા.૧૦/- આપીને તા. ૨૩-૧૨-૨૦૧૩, કચ્છી ભવનમાં સવારના ૯.૦૦ થી ૧૨.૦૦ અને બપોરના ૨.૦૦ થી ૫.૦૦ સુધીમાં કરાવવાનું રહેશે.

નોંધ : આ કેમ્પ મેમ્બર તથા નોનમેમ્બર બધા માટે છે. લાભ લેવા વિનંતી.

# ABHA BEAUTY PARLOUR

## BEAUTY & MEHENDI ACADEMY

*We are specialised in Bridal Make-up, Hairstyle & Mehendi*



- ✦ We undertake Hair Spa Treatment
- ✦ Galvanic Treatment
- ✦ Stone Theropy
- ✦ Body Spa
- ✦ Bridal Packages
- ✦ Foot Facial or Hand Facial also.

**Timing 11.00 am to 8.00**

***Home service Facility is also available***

***Sunday Closed***

Summer Special offer
**Mehandi & Self Grooming Classes**

CONTACT : **Mrs. BHAVINI PATEL**

*203, 3rd Floor, Raghavendra Homes, Opp. Raghavendra Temple,*
*Kachiguda, Hyderabad - 27 Ph : 040-6516 3974, 99081 83870*

(જા.ખ.)



લગ્નસરાની સાડીઓમાં
કચ્છી સમાજનું વિશ્વસનીય નામ

# અવસર સારીઝ

(જા.ખ.)

- ➢ સાચી તથા ટેસ્ટેડ કસબ અને જિંક કસબ સાડી અને ચણિયા ચોળી
- ➢ રિયલ તેમજ ટેસ્ટેડ ઘરચોળા
- ➢ કસબ, બટકસબ, કટ વર્ક, ફેન્સી બોર્ડર
- ➢ પાનેતર, પિટ્ટાવર્ક, તાર કામ સાડી
- ➢ બાંધણી, બનારસી ઉપાડા બાંધણી.... અને અનેક વેરાઈટીઝ

**વિશ્વસનીય ખરીદી માટે અવશ્ય પધારો**

ઠે. ૧, રૂપલ અપાર્ટમેન્ટ, દાદા સાહેબ ફાલકે રોડ, અરોમા હોટેલની સામે, દાદર (ઈ), મુંબઈ-૧૪. ટે. ૨૪૧૬ ૪૨૩૯

**સંપર્ક: દિનેશ દેઢિયા (નાની ખાખર) - 92234 25676**

## સભ્યપદ સમિતિ

સંચાલક : **હરેશ હેમરાજ દેઢિયા,** ૯૨૪૬૧૯૪૪૦૫

સહર્ષ જણાવવાનું કે મંડળની ૩-૧૨-૨૦૧૩ નાં મળેલ સંયુક્ત સભામાં નવેમ્બર, ૨૦૧૩ ના ૭ (સાત) નવા સભ્યોની આજીવન સભ્યપદની અરજીઓ મંજૂર કરવામાં આવલ છે.

| | **નામ** | **ગામ** | **મેમ્બરશીપ નંબર** |
|---|---|---|---|
| ૧ | શ્રી મેહુલ કીરીટ લોડાયા | કોઠારા | M/1022/12/13 |
| ૨ | કુમાર સમકિત ખુશાલચંદ લોડાયા | કોઠારા | S/1018/12/13 |
| ૩ | શ્રીમતી ધર્મી પૂર્વેશ મોતા | વારાપધર | D/1018/12/13 |
| ૪ | કુમારી શીતલ તારાચંદ ગાલા | દેવપુર | S/1019/12/13 |
| ૫ | શ્રીમતી ઈન્દુ તારાચંદ ગાલા | દેવપુર | I/1002/12/13 |
| ૬ | કુમારી દીપલ તારાચંદ ગાલા | દેવપુર | D/1019/12/13 |
| ૭ | શ્રી નિલેશ મનોહર ચૌહાણ | દેવરીયા | N/1019/12/13 |

ઉપરોક્ત સર્વે સભ્યોને મંડળવતી હાર્દિક અભિનંદન....

**નોંધ :** ગત માસમાં નિયાંપોમાં છપાયેલ ક્રીના કિરન વીરાના બદલે હીના હીરેન વીરા સુધારીને વાંચવું.

શ્રી કચ્છી મિત્ર મંડળના નવા સભ્ય બનવા માટે અરજી પત્રક આપવાનું ચાલુ કરેલ છે. અરજી પત્રક કચ્છી ભવનની ઓફીસમાં તા. ૫-૧-૨૦૧૪ને રવિવાર તથા ૧૯-૧-૨૦૧૪ને રવિવારના સવારના ૯.૩૦ થી ૧૦.૩૦ કલાક દરમ્યાન આપવામાં આવશે.

વહેલો તે પહેલોનાં ધોરણે ૧૦૦ અરજીપત્રક આપવામાં આવશે. **વધારામાં વધારે કુટુંબોને આવરી શકાય એ માટે પ્રત્યેક કુટુંબ દીઠ એકજ (૧) અરજી પત્રક આપવામાં આવશે. અરજી પત્રકનું મુલ્ય રૂા.૧૦/- અને આજીવન સભ્ય શુલ્ક રૂા.૫૦૦/- રાખવામાં આવેલ છે.**

Shri Kutchi Mitra Mandal is going to issue New Membership Forms on 5-1-2014 Sunday and 19-1-2014 Sunday from 9.30 a.m. to 10.30 a.m. at Kutchi Bhavan Office.

Only 100 Form's will be issued on first come first basis.

**To cover maximum number of families it is decided to issue only one form per family. Application Form is charged Rs. 10/- and Life Membership Fee is Rs. 500/-.**

## આવાસ ગૃહ

સંચાલક : **લહેરચંદ ટોકરશી લોડાયા,** ૯૨૪૬૫૩૧૦૬૬

જય જીનેન્દ્ર સાથે જણાવવાનું કે ચૈતન્યપુરી સ્થિત આવાસ ગૃહમાં એક ફ્લેટ ખાલી થયેલ છે. ઓછી આવક ધરાવનાર પરિવારને ફ્લેટની જરૂર હોય તો કચ્છી ભવનની ઓફીસમાં અરજી આપશોજી.

# Dr. Naveen's Pain & Rehab Center

(PHYSIOTHERAPY CENTER FOR PAIN)

**Physiotherapy Treatment Available for all kinds of**
**•Pains • Knee Pain • Low Back Ache • Neck Pain**
**• Heel Pains • Arthritis • Shoulder Pain • Tennis Elbow**
**• Head Aches & Migranes etc.**

**દરેક જાતનાં સાંધાના દુઃખાવા માટે ''ફીઝીયો થેરપી ટ્રીટમેન્ટ'' ઉપલબ્ધ છે.**

## Dr. P. Naveen Kumar

B.P.T. (National Institute of Rehad, Cuttack)
M.P.T. (Ortho) MIAP (Reg No.8514) MISCP (Ireland)
Specialist in : Pain (Knee) & Headaches

Timings : 10 am to 1 pm. - 4 pm to 9.30 pm - Sunday 10.30 am to 1.00 pm
Shop No. 22, Ground Floor, Santosh Towers, Adj. to Agarwal Chambers,
King Koti 'X' Road, Hyderabad - 1. Mobile : 9392403507

(જા.ખ.)




# ભાવભરી શ્રદ્ધાંજલી

## અ.સૌ. સરલા કીર્તી ગાલા

રડી પડે છે આંખો અમારી જોઈને તસ્વીર તારી
મન હજી માનવા તૈયાર નથી કે હાજરી રહી નથી હવે તારી
સૌનુ કાળજું કંપાવી ગઈ વિદાય તારી
સ્મૃતી પટલ પર અંકિત રહેશે હમેશા છબિ તારી
આપ આત્મસ્વરૂપે જ્યાં હો
ત્યા પરમ શાંતિ અને શાશ્વત સુખને પામો
એજ પરમ પિતા પરમાત્માને પાર્થના

જન્મ : ૨૬-૯-૧૯૫૮
સ્વ. : ૦૭-૧૧-૨૦૧૩

**ઊર્મી ધરોડ**
**કુસુમ રાંભીયા**
**મંજુ સાવલા**
**હસુમતી ગડા**
**આશા રાંભીયા**

**હેમા કારાણી**
**જ્યોતી મોતા**
**વિદ્યા સાવલા**
**નયના દેઢિયા**

(જા.ખ.)

# મહિલા સમિતિ

સંચાલિકા : **ખુશાલી જયેશ નાગડા**
સહ-સંચાલીક : હીના હીતેન નાગડા

**સુવિચાર - જીવનમાં સંબંધોને ઉછેરવા, કે સંબંધોમાં જીવનને ઉછેરવું.**

આ વાકયને આપણા સમાજની બહેનો, શ્રી કચ્છી મિત્ર મંડળ મહિલા સમિતિના દરેક કાર્યક્રમમાં ખુબજ સારી સંખ્યામાં હાજરી આપી ને દરેક સ્પર્ધામાં ભાગ લેનાર બહેનોનો ઉત્સાહ વધારીને દેખાડે છે.

તા. ૧૬ નવેમ્બરને શનિવારના સાંજના કચ્છી ભવનમાં બહેનોએ સારી સંખ્યામાં સમયસર પધારીને દેખાડી દીધૂં કે તેઓ શ્રી કચ્છી મિત્ર મંડળ Dancing Super Stars આ કાર્યક્રમની કેટલી આતુરતાથી વાટ જોઈ રહી હતી.

સાત (૭) કેટેગરીસમાં કુલ ૫૨ (બાવન) જણાએ ભાગ લીધો, બોલીવુડના જૂના-નવા ઘણા ગીતો ૫૨ પાર્ટીસીપેન્ટસે એક બીજાને કડી ટક્કર આપી ને ખુબજ ખેલદીલીથી સ્પર્ધાની મજા માણી વિજેતાઓના નામ આ પ્રમાણે છે.

**Group - A**
Girls Junior
1st - Femi Gada
2nd - Achira Nagda
3rd - Maitri Gosar
Best Dress - Khushi Savla

**Group - C**
Boys
1st - Samyak Chedda
2nd - Herank Savla
3rd - Meet Gala
Best Dress - Samyak Chedda

**Group - E**
Girls Seniors
1st - Vidhi Nagda
2nd - Pooja Maru
3rd - Megha Bheda
Best Dress - Shradha Shah

**Group - B**
Moms (Seniors)
1st - Nirupa Maru
Best Dress - Harsha Gala

**Group - D**
Moms (Seniors) 1st - Amruta Solanki
2nd - Nehal Nagda
3rd - Manisha Gada
Best Dress - Priya Dedhia

**Group - F**
Grand Moms 1st - Vidya Savla
Best Dress - Urmila Chedda

**Group - G**
Wifes 1st - Priti Maru
Best Dress - Monica Chedda

અને છેલ્લે મારા ત્રણે કમીટી મેમ્બરસ્ Heena Hiten Nagda, Jayshree Bhavesh Gala, Darshana Pankit Savla નો હાર્દીક આભાર, કે દરેક કાર્યક્રમમાં સારી વ્યવસ્થા જાળવવામાં મારો ખુબજ સાથ આપ્યો છે, ભાગ લેનાર દરેક પ્રતિયોગીનો કે જેઓ ખૂબજ ખેલદીલીથી ભાગ લઈને અમારો ઉત્સાહ વધાર્યા કરે છે.

હવે મળીશું 8th March Woman's Day ને ઉજવવા, સ્ત્રીની પરમ શક્તિને સલામ કરવા, જે જીવનના દરેક પડાવમાં સ્વ. કરતા સ્વજનોને મહત્વ આવે છે.



# R.S. BANDHANI HOUSE

## કચ્છની કલામય બાંધણીઓ હૈદરાબાદમાં

કચ્છની બાંધણીઓનો ખજાનો પ્યોર સિલ્ક, ગંજીસિલ્ક, ઈટાલિયન ક્રેપ, જોરજટ ઈટાલિયન સામો તથા બનારસીમાં ઝીણા બંધેજ અને મીનાકારીમાં આકર્ષક અવનવી બાંધણીઓ, રીયલમાં ઘરચોળા તથા શ્રીમંત પ્રસંગ માટે ગ્રીન કલરમાં વિવિધ બાંધણીઓ, રંગબેરંગી ચણિયાચોળી અને અદ્યતન નવા પંજાબી ડ્રેસ મટેરિયલ, બેડશીટો તથા અન્ય આકર્ષક વેરાયટીઓ હોલસેલ ભાવે રીટેલમાં મળશે.

**નવલબેન મહેન્દ્રકુમાર ભોગીલાલ ધરમશી**

૩-૨-૩૫૭/૧, ૧લે માળે, લાલબહાદુર હાઈસ્કુલની બાજુમાં, નિમ્બોલિ અડ્ડા,
હૈદરાબાદ ૫૦૦ ૦૦૨૭. ફોન. ૨૪૬૦ ૦૮૧૦, ૨૪૬૫ ૫૬૨૨.

(જા.ખ. H-2750)



# Upto 20% Discount on Medicines on M.R.P.

## Special Extra Discount on H.I.V., Cancer, Kidney Medicines & Injections

## ALL GENUINE MEDICINES ONLY

**Goel Distributors**

4-4-234/1, Ground Floor, Inderbagh, Kothi, Hyderabad
Vikas Agarwal 9246190997, 65764301, 6999 3773

(જા.ખ.)

# શાંતિવન સમિતિ

સંચાલક : **મહેન્દ્ર દેવશી વોરા**
**૯૨૪૬૧૮૫૬૩૧**

શાંતિવન સમિતિ આયોજીત

વડિલભાઈઓ-બહેનો, **"પર્યટન"**

આવો આપણે નવા વર્ષ (૨૦૧૪)ને વધાવીએ

પર્યટન : તા. ૫-૧-૨૦૧૪ને રવિવાર

શહેરના કોલાહલથી દૂર કુદરતના ખોળે રમણીય વાતાવરણમાં, પહાડોની વચ્ચે નિર્માણ થયેલ "નીલકંઠ વિદ્યાપીઠ (ગુરૂકુલ)" રામોજી ફિલ્મ સિટિથી થોડા અંતરે.

**કાર્યક્રમની રૂપરેખા**

સવારના ૮.૩૦ વાગે કચ્છી ભવન પાસેથી બસ દ્વારા પ્રયાણ

| | | |
|---|---|---|
| ૯.૩૦ કલાકે | : | અષ્ટલક્ષ્મી મંદિરમાં દર્શન |
| ૧૧.૩૦ કલાકે | : | ગુરૂકુલમાં પ્રવેશ, અવલોકન તથા સમય અનુસાર સ્વામીજીનું પ્રવચન |
| ૧૨.૩૦ કલાકે | : | મધ્યાહ્ન ભોજન |
| ૨.૩૦ કલાકે | : | હળવી રમત-ગમત |
| ૪.૦૦ કલાકે | : | ચા-પાણી |
| ૪.૩૦ કલાકે | : | ગુરૂકુલથી પ્રયાણ |
| ૫.૩૦ કલાકે | : | વાસુપુજ્ય જીનાલય (ચૈતન્યપૂરી) ચૌવિહાર-દર્શન-ભક્તિ |
| ૭.૩૦ કલાકે | : | કચ્છી ભવન પાસે આગમન |

**પર્યટન :** ૫૦ વર્ષથી ઉપરના ભાઈ-બહેનો માટે છે. રજીસ્ટ્રેશન ફી : રૂા. ૫૦/- છે, જે આવનાર સભ્યને રીફન્ડ કરવામાં આવશે.

સંપર્ક નંબર આપવો જરૂરી છે - કચ્છી મિત્ર મંડળનો સભ્યપદ કાર્ડ બતાવવા વિનંતી.

રજીસ્ટ્રેશન માટે છેલ્લી તારીખ : ૨૯-૧૨-૨૦૧૩

વહેલા તે પહેલાના ધોરણે ૫૦ સભ્યને લઈ જવામાં આવશે.

---

## જીવન ચક્ર

**CHANGE OF ADDRESS**

**AMARCHAND GOVINDJI VORA**,
Fl.No. R-204, (Rose) Quality Gardenia, 3-2-308/309,
Chappal Bazar, Kachiguda, Hyderabad - 500 027.
(M) Amarchand Vora-9392216459, Ranjan Vora - 09396361461.

**અવસાન નોંધ :**

૧. શ્રીમતી સરલાબેન કીર્તિ ગાલા, ઉ.વ. ૫૫, ગામ લાખાપૂર, હૈદરાબાદ.

૨. શ્રી ધનજી રામજી છેડા, ઉ.વ. ૭૦, ગામ વાંકી, હૈદરાબાદ (દેહદાન કરેલ છે.)

|| Jai Mahaveer ||

Seasons Greetings to all of you

## "Naman Construction Solutions"

A Name for all your water proofing needs, where treatment is done by Nano Technology Products with the help of Skilled and efficient workers. All you need is to contact us.

We also undertake painting and colouring assisgnments for Flats, Offices and other commercial establishments.

Contact

**Mr. Vardhaman Shah**

Cell No. 98853 41835

(Remember : A stitch in time saves nine)

(જા.ખ.)

Mobile : 98481 85595
Ph. No. : 040-66777172

# BOMBAY LUGGAGE & NOVELTIES

**Near Metro Diagnostics & State Bank of Hyderabad, Nallakunta, Hyderabad-500 044.**

**THE ONE STOP SHOP FOR**

- **LUGGAGE BAGS - VIP, Sky Bags, Alfa, American Tourister, Polo, Pulse etc.,**
- **COLLEGE & SCHOOL BAGS - Liviya, American Tourister, Wildcraft, Barbie, Chota Bheem, Ben 10 etc.**
- **Lap Top & Office Bags, Travel Pouches, Camera & Waist Pouch, Pass Port Pouch.**
- **Gents Wallets & Belts**
- **Execlusive Quality range of Ladies Foot Wear, Kurties, Legins, Nighties, Night Suits, Wallets & Belts.**
- **Attractive Range of Ladies Hand Bags & Party Clothes, Jewellery & Bangle Box, Saree & Blouse Covers**

**SUPER EXCHANGE OFFER FOR YOUR OLD LUGGAGE BAGS**

- **Bring Any Old Bag & Exchange it for any Bag of your Choice.**
  **Get Attractive exchange discounts !!!**

(જા.ખ.)

# રમત-ગમત સમિતિ

સંચાલક : હાર્દિક સંજય ગાલા

It gives me great pleasure in announcing that Shri Kutchi Mitra Mandal is taking part in the "GUJARATI RAJASTHANI PREMIER LEAGUE" (20-20) Cricket match tournament.

A sixteen player team is ready to represent "Kutchi Mitra Mandl" at GRPL, where a total of 15 other teams from Gujarati and Marvadi Samaj will be participating.

The tournament commences from 1st Dec'13 and the finals will be held on 2nd Feb'14.

The Cricket matches will be played on every following Sunday from the date of commencement on any of the 3 grounds namely :

1. D-Lake view Resorts
2. Vijayanand Gardens
3. Vardhaman Grounds.

The 16 player team consists of the following Players

| | |
|---|---|
| Nilesh V. Dedhia (C) | Sanchit P. Gala (VC) |
| Manthan D. Shah (WK) | Tarang K. Rambhia |
| Yash H. Gada | Tejas H. Gala |
| Sohin V. Savla | Sameer M. Gada |
| Hiren N. Vira | Sachin K. Gosar |
| Ritesh C. Dharod | Kamal M. Poladia |
| Lakshay H. Gala | Kevin P. Gala |
| Kailash L. Chedda | Hardik J. Bhedha |

Team Mentor Shri Paresh Gala

We wish them all the very best

I request all the members of KMM to kindly come to the venues and support our players.



FOR ALL YOUR COMPUTER WORK

- SOFTWARE INSTALLATION
- TROUBLE SHOOTING
- VIRUS CLEANING ETC.
- NEW COMPUTER SALES & PURCHASE

**Contact : DEVESH - 94407 23277**

(જા.ખ.)

**DEEPAK MAVJI DHAROD**

**Cell : 98490 53458**

**BHAVANA TOURS & TRAVELS**

**RENT A CAR INDICA, TATA SUMO, QUALIS, TEMPO TRAVEL & SEMI DELUX BUSES**

**DAILY CITY TOUR, RAMOJI FILM CITY & KULPAK**

Off & Res : 1-8-80/1/A, Venkat Swamy Lane, Street No.11, Chikkadpally, Hyd-20.

(જા.ખ.)

## SHANTI PRIMARY SCHOOL

Correspondent : **NAVINCHAND HARIA**
98850 31232

The school celebrated its 3rd Science Exhibition as Children's Carnival on 22-11-2013. The school president Mr. Manikant Mommayaji, Correspondent Mr. Naveenchandraji and Committee Members inaugurated the Carnival by Lighting the Lamp.

Children's Carnival involved the students of Nursery to IV class where every child was given one topic which they were to present in front of the parents and the committee members. Children made different models according to their topic and presented in a extinguish way. This year each class is given different concept like

Nursery - Art and Craft
LKG - Food World
UKG - Festivals
I - Class - Our Helpers
II-Class - Indian States
III-class - Our Technology
IV - Class - Science and Technology

Children of U.K.G, I & II Classes dressed up according to their concept and explained their topics which attracted the parents and also the committee members, with this the school aims at the involvement of all the children to enhance their inner motor skills. Nursery class children exhibited their art and craft work which they did as a part of their curriculum.

Parents were a part of the Carnival where they have not only co-operated with their children in making their projects and dressing them according to their topic, but also opened their FOOD STALLS and made number of variety dishes and sold them to the children and to the parents. All the Children, Staff, Committee and the parents enjoyed the carnival by tasting different food items and also by playing different games at the GAMES STALL, children enjoyed by applying MEHENDI on their hands.

POTTER organized by the school was the central attraction of the Carnival where parents became the children and had lots of fun in making their own pots and presenting them to their loved ones. Altogether children had enjoyed and had lots of fun forgetting their hard work in making this Carnival a GRAND SUCCESS.

## સંસ્થા સમાચાર

❖ **સાવલા નુખના ભાવિકો અને નિયાણી બહેનો માટે :** સવિનય જણાવવાનું કે સીરીયલ માતાજીને નમતા સાવલા નુખના સર્વે ભાવિકોની સમૂહ પહેડી રવિવાર તા.૨-૨-૨૦૧૪ના સવારના ૧૦.૦૦ કલાકે શ્રી કચ્છી ભવનમાં રાખવામાં આવેલ છે. કાર્યક્રમની વિસ્તૃત માહિતી આગામી 'નિયાંપો'માં આપવામાં આવશે.

**માહિતી માટે સંપર્ક :** શ્રી પંકજ વલ્લભજી સાવલા, ફોન નં. ૯૩૯૫૪૫૩૧૫૪, શ્રી વલ્લભજી મેઘજી સાવલા - ફોન. ૬૬૬૨૧૦૯૨, શ્રી પંકજ હીરજી સાવલા - ૯૮૪૯૭૪૭૬૨૫.

❖ **દિવ્ય સામાયિક મંડળ :** ડિસેમ્બર મહિનાના અતિથિ વિશેષ, શ્રી નવિનભાઈ વિસનજી હરીયા (નિરામા વાળા) છે.

# વિવિધા

## આજની યુવા પેઢી

આજના યુવાન પાસે વિપુલ શક્તિ છે, એની પાસે નવા વિચારો છે, એ કલ્પનાશીલ છે, એની પાસે કાબેલિયત છે અને એ હોશિયાર છે. તેમજ તાંત્રિક જ્ઞાન અને વૈજ્ઞાનિક ઉપકરણોથી સજ્જ છે... સમાજના ઘણાં યુવાનોએ દેશ અને વિદેશની ખ્યાતનામ કોલેજો તથા મહાવિદ્યાલયોમાંથી શિક્ષણ મેળવેલ છે. આ યુવાનો એમની આવડત અને શિક્ષણથી ઉચ્ચ ઔદ્યોગિક સંસ્થાઓમાં ઉચ્ચ હોદ્દાઓ ધરાવે છે. આ યુવાનો ઉદ્યોગો અથવા વ્યવસાયમાં સફળ કારકિર્દી ધરાવે છે. પરંતુ એમના ક્ષેત્રમાં સફળતાપૂર્વક કાર્યરત હોવા છતાં સમાજ મહદ્ અંશે એમની કાબેલિયત અને સિદ્ધિઓથી અજાણ છે.

આજના યુવાનને દ્રઢતા, જવાબદારી અને વિકાસની સમજ છે. પરંતુ બીજી તરફ કેટલાક યુવાનો ધ્યેયહિન જણાય છે અને એમનામાં આત્મવિશ્વાસની ઉણપ છે. આ યુવાનોને યોગ્ય માર્ગદર્શન, સાથ અને સધિયારાની જરૂરત છે.

આજનો યુવાન, એનો મોટા ભાગનો સમય કોલેજમાં, કોચિંગ કલાસમાં, મોબાઈલ ફોન પર, કોમ્પ્યુટર પર કે સામાજિક નેટવર્કીંગમાં વ્યતીત કરે છે. આ યુવાનો એમના મિત્રો સાથે જે સમવયસ્કો હોય છે પરંતુ અલગ અલગ જ્ઞાતિઓ અને ધર્મના છે, એમની સાથે સમય ગાળે છે. રમત ગમતના મેદાનોમાં એમની હાજરી અલ્પ થતી જાય છે.

લુપ્ત થતી જતી સંયુક્ત કુટુંબ વ્યવસ્થાને કારણે આજની યુવા પેઢી એમની ચાર-પાંચ પેઢીના કુટુંબના સભ્યો સાથે મળવાથી વંચિત રહયા છે, જે પહેલાના જમાનામાં સહજ હતી. સંયુક્ત કુટુંબના સભ્યો સાથે રહેતા હતા અને મળતા હતા. અબાલવૃદ્ધ સૌ સાથે રહી આનંદથી સમય વ્યતીત કરતા હતા. હવે એ ઈતિહાસ બની ગયો છે. સંયુક્ત કુટુંબમાં સાથે ઉછરતા બાળકોમાં સામાજીક મુલ્યોની જાણ હતી. એ પ્રત્યે એ સજાગ હતા અને એમના જીવનમાં એ મૂલ્યો અંતર્ભુત થયેલા પરંતુ હવે એ બધું ભૂતકાળ બની રહ્યું છે.

વિશાળ ઘરની સવલતોના કારણે આજના બાળકો તેમના માતા-પિતા, દાદા-દાદીથી દૂર થતા જાય છે કેમ કે તેઓ તેમના અંગત ઓરડામાં એમનો સમય એકાંતમાં વ્યતીત કરતા રહ્યા છે.

ભાષા પણ આ અંતરનું કારણ છે. આપણાં કુટુંબોમાં કચ્છી ભાષાનો ઉપયોગ વધુને વધુ ઘટતો જાય છે. પેઢીઓ વચ્ચેનું અંતર તો પહેલા પણ હતું પણ હવે તે વિચારસરણીમાં, આશાઓ કે અપેક્ષાઓ તથા રૂચીમાં આ અંતર વણાઈ જતું લાગે છે. જૂની પેઢી હંમેશા ફરિયાદ કરતી હોય છે કે યુવા વર્ગ પોતાની દુનિયામાં જીવે છે તેમને કોઈ સગા સ્નેહીઓને મળવાનું કે સામાજીક સમેલનોમાં જવાનું ગમતું નથી અને કદાચ જાય તો પણ, પોતાના નજીકના સ્વજનો અંગેના કાર્યક્રમોમાં જ જાય છે. યુવા વર્ગ ધર્મથી પણ દૂર થતો જાય છે એવું એમનું માનવું છે.

બીજી બાજુ યુવા પેઢીનો પ્રશ્ન છે કે જૂની પેઢી કેમ આવા સામાજીક કે કૌટુંબીક મેળાવડામાં



પરિચયથી
પરિણય
સુધી સફરના સાથી
એટલે
asanjoKUTCH
First Ever Kutchhi Digital E-directory
ની એક માત્ર મેટ્રીમોનીયલ વેબસાઈટ
'અસાંજો કચ્છ' ની ખાસ વિશેષતાઓ
ફક્ત કચ્છી સમાજ માટેની સૌથી મોટી મેટ્રીમોનીયલ વેબસાઈટ
૫૦૦૦ થી પણ વધુ શિક્ષિત પાત્રોમાંથી પસંદગી
૧૦૦% ચકાસણી કર્યા બાદ સ્વીકારાયેલ બાયોડેટા
ફ્રી રજીસ્ટ્રેશન
સૌથી વધુ સક્સેસ રેટ
આજે જ રજીસ્ટર કરો...
www.matrimony.asanjokutch.com
Email : matrimony@asanjokutch.com | Phone : 2967 4007/8/9

વ્યસ્ત છે ? કોણ સગું છે ? કયા ગામનું છે ? શું કરે છે ? આવી માહિતીમાં જ કેમ રસ ધરાવે છે? ઘણી ધાર્મિક ક્રિયાઓ પણ યુવા વર્ગ સમજતો નથી અને એ અંગે ચર્ચાઓ કરવાનું ટાળે છે. યુવા વર્ગ વિચારે છે કે આ બધું આંધળું અનુકરણ જ છે.

આ રીતે બે પેઢી વચ્ચેનું વૈચારિક અંતર વધતું જાય છે. આજ કારણથી જૂની પેઢી અને નવી પેઢી વચ્ચેના દેખ્યા, અણદેખ્યા સંબંધો લુપ્ત થતા જાય છે. ઘણાં યુવાનોમાં સારી આવડત અને કાબેલિયત હોય છે, પણ તેમના નજીકના સ્વજન પણ તે જાણતા હોતા નથી. આજે આંતરજ્ઞાતિય લગ્નો, છૂટાછેડા, વ્યસનો, ખરાબ લતો વગેરે સમાજ માટે ચિંતાજનક પ્રશ્નો છે.

છેલ્લાં ૬૦ વર્ષોથી પણ વધારે સમયથી સમાજે સંસ્થાઓએ યુવા પેઢીને જરૂરીયાત પ્રમાણે જુદી જુદી રીતે રચનાત્મક પ્રવૃત્તિઓ અને આર્થિક મદદથી કેળવવાની કોશિશ કરતી રહી છે. યુવા વર્ગને સામાજિક સ્તરે ભેગા રાખી યુવા વર્ગમાં પરસ્પરના સંબંધોને મજબૂત કરવા અને તેના થકી પ્રાપ્ત થનારા લાભને ધ્યાનમાં રાખી, સમાજે સંસ્થાઓએ વિવિધ પ્રવૃત્તિઓને ચેતનવંત રાખવા પ્રયત્નો કરવા રહ્યા. જો યુવાનોને સમાજના વિકાસમાં સંમિલીત કરવા હોય તો એમને સાથે રાખવા જ રહ્યા જેથી એ સાંપ્રત પ્રવાહમાં રહે. જોવાનું એ છે કે આપણી ઉદાસીનતા ને લીધે સદીઓ-પેઢીઓથી બંધાયેલો આપણો આ માળો વેર વિખેર ન થઈ જાય.

**– દિનેશ કલ્યાણજી ગોસર**

## પતિ-પત્નીની આરજુ...છેલ્લે તો આપણે બેજ હોઈશું...!!

ભલે ઝગડીએ, ક્રોધ કરીએ, એક બીજા ઉપર તુટી પડીએ,
એક બીજા ઉપર દાદાગીરી કરવા, છેલ્લે તો આપણે બેજ હોઈશું.
જે કહેવું હોય એ કહી લે, જે કરવું હોય એ કરી લે,
એક બીજાના ચોકઠાં (ડેન્ચર) ચશ્મા શોધવા છેલ્લે આપણે બેજ હોઈશું,
હું રીસાઈશ તો તું મનાવજે, તું રીસાઈશ તો હું મનાવીશ.
એક બીજાને લાડ લડાવવા, છેલ્લે તો આપણે બે જ હોઈશું.
આંખો જયારે ઝાંખી થશે, યાદ શક્તી પણ પાંખી થશે,
ત્યારે એક બીજાને એક બીજામાં શોધવા, છેલ્લે આપણે બે જ હોઈશું.
ઘુંટણ જ્યારે દુઃખશે, કેડ પણ વળવાનું કરશે,
ત્યારે એક બીજાના પગના નખ કાપવા, છેલ્લે તો આપણે બે જ હોઈશું.
મારા રીપોર્ટસ તદ્દન નોર્મલ છે, "આઈ એમ ઓલ રાઈટ"
એમ કહીને એક બીજાને છેતરવા, છેલ્લે તો આપણે બે જ હોઈશું.
સાથ જ્યારે છુટી જશે, વીદાયની ઘડી આવી જશે,
ત્યારે એક બીજાને માફ કરવા, છેલ્લે તો આપણે બે જ હોઈશું.

— સંકલન : **રમેશ એમ. શાહ**

॥ શ્રી અંબે માતાજીને નમઃ ॥

# છેડા નુખના ભાવિકોની પહેડી

ભાવિકો અને નિયાણી બહેનો જોગ

સવિનય જણાવવાનું કે છેડા નુખના અંબા માતાજીને નમતા ભાવિકોની સમુહ પહેડી તા. ૧૨–૧–૨૦૧૪ રવિવાર સવારના ૯.૦૦ કલાકે શ્રી કચ્છી ભવનમાં રાખવામાં આવેલ છે. આ પ્રસંગે છેડા નુખના સર્વ ભાવિકો સપરિવાર તથા નિયાણી બહેનોને સજોડે પધારવા ભાવભીનું આમંત્રણ છે.

**સવારના અલ્પાહાર ૭.૩૦ થી ૮.૩૦ કલાકે.**

## કાર્યક્રમ

માતાજીનું સામૈયુ તથા સ્થાપના ........ ૦૯.૦૦ કલાકે
માતાજીના ભજનગીતની રમઝટ તથા રાસગરબા ........ ૧૦.૦૦ કલાકે
ગત વર્ષની પહેડીની વિગત તથા અન્ય માહિતી ........ ૧૨.૦૦ કલાકે
માતાજીને પ્રસાદ થાળ જુવારવાનુ ........ ૧૨.૧૫ કલાકે
માતાજીની આરતી ........ ૧૨.૩૦ કલાકે
માતાજીની પ્રસાદી (પ્રીતિભોજન) ........ ૦૧.૦૦ કલાકે

પહેડીના સંપૂર્ણ લાભાર્થી :

**માતુશ્રી નવલબેન શામજી ખીમજી છેડા** ગામ ગોધરા (હાલે મુંબઈ)

હસ્તે **શ્રીમતી વર્ષા ભરત શામજી છેડા પરિવાર,** ગામ ગોધરા (હાલે હૈદરાબાદ)

લી. **છેડા ભાવિક સંઘ,** હૈદ્રાબાદના જયજીનેન્દ્ર

સંપર્ક :

| | | |
|---|---|---|
| દેવચંદ છેડા | પોપટલાલ છેડા | રતીલાલ છેડા |
| મો. ૯૨૯૦૦ ૬૫૧૫૬ | મો. ૯૪૪૦૦ ૫૫૧૧૩ | મો. ૯૩૯૪૪ ૫૪૫૫૩ |

નોંધ : શ્રીફળ પ્રથા બંધ છે. ભાવિકોને ખાસ વિનંતી કાળા વસ્ત્રો પહેરીને આવવું નહી. (જા.ખ.)

## *What others say about you*

Life is too short to waste any amount of time on wondering what other people think about you. In the first place, if they had better things going on in their lives, they wouldn't have the time to sit around and talk about you. What's important to me is not others' opinions of me, but what's important to me is my opinion of myself. - C.Joybell

### બચપન

એક બચપન કા જમાના થા,
જીસમેં ખુશીયોં કા ખજાના થા,
ચાહત ચાંદકો પાને કે થી,
પર દિલ તિતલી કા દિવાના થા.
ખબરના થી કુછ સુબહ કી,
ના શામ કા કુછ ઠીકાના થા
થક હારકે આના સ્કુલસે,
ખેલને ભી જાના થા
માંકી કહાની થી,
પરિયોં કા ફસાના થા
બારિશ, કાગજ કી નાવ થી,
હર મૌસમ સુહાના થા.
હર ખેલ મેં સાથી થે,
હર રિસ્તા નિભાના થા,
ગમકી ઝબાન ન હોતી થી,
ના ઝખમોં કા પૈમાના થા
રોને કી વઝહ ન થી,
ના હંસને કા બહાના થા.
ક્યોં હો ગયે હમ ઈતને બડે,
ઈસ્સે અચ્છા તો વો
બચપન કા જમાના થા,
એક બચપન કા જમાના થા.

સંકલન : **રમેશ એમ. શાહ**, ઈન્ટરનેટના આધારે

### દીકરી વિદાય

દીકરી હું તને કરૂં આજ વિદાય,
મારી લાડલી ઘર છોડી ને જાય...

ફૂલોથી તારી રાહ સજાવી,
આંસુ થકી આંખ છલકાય,
સુખનો સૂરજ આંગણ મલકાય,
દુઃખ કેરી છાયા દૂર દૂર જાય,
મારી લાડલી ઘર છોડી ને જાય...

બાળપણ તારૂં મારી સંગ વિતાવ્યું,
હરપળ એ ક્ષણ ને વિચારૂં,
આંસુને ખુશાલી તારા હૃદયે મેં આજ કંડારી,
તારા સ્મિતથી આખું ઘર મલકાય,
મારી લાડલી ઘર છોડી ને જાય...

સૂરજ ઉગશે, તારા ઊગશે,
ચાંદની ચંદા સાથ ચમકશે,
તારી ચુડી, તારા પાયલ,
સાસરીયાના આંગનમાં છનકશે,
સુનું સુનું આ ઘર મારૂં,
તારી યાદી હરપળ આવે,
તું નથી આ ઘરમાં તોયે,
તારી હાજરી હરક્ષણ વર્તાય,
મારી લાડલી ઘર છોડી ને જાય...

સંકલન : **પંકજ વલ્લભજી સાવલા**

20 Days Medicine only Rs. 350/-
**AYURVEDIC (WEIGHT - LOSS) MEDICINE**
**Weight loss will be after 20 days 7 kg. West Material Discharge.**
- **AYURVEDIC (SUGAR) MEDICINE 30 DAYS ONLY RS. 350/-**
- **AYURVEDIC (THYROID) MEDICINE 20 DAYS ONLY RS. 350/-**

**Ph : 9395347264, 9392418463, 040-27564183** (જા.ખ.)

KUTCHI CRICKET CLUB

KCC

## KCC in association with its sponsors presents

## Victory Cup KPL-6

Venue: Hanuman Vyayam Shala, Sultan Bazar
Date: Sunday, 29th December 2013
Time: 8am Onwards
All KMM members are welcome, breakfast and lunch arrangements will be made for all guests

Come & support your favourite team....... Enjoy the spirit of cricket in a fun filled family event

### Lead Sponsor

Victory

Victory Comfort Products
Shri Prafulbhai Ratanshi Gogri Pariwar

### Team Sponsors

Shanti Ke Sitare
Shree Shanti Group of shops

marc masters
Kalpana Trading Co.

Chandan Champs
Shree Chandan Corporation

Vishal warriors
Vishal Cutpiece Center

SHANTI ke SAHENSHAH
Shree Shanti Supplies

Galaxxy
Galaxy
Fashionable photography and videography

RAJ ROYALS
Sri Raj Jewellery

Bijal Ramesh Savla

(જા.ખ.)

## -: સુવાક્યો :-

૧. માનવ જીવન અસ્તિત્વમાં આવ્યું ત્યારથી આજ સુધી પાપ અને ધર્મની કોઈ સચોટ વ્યાખ્યા કરી શક્યું નથી.

૨. કોઈ વ્યક્તિ સંપૂર્ણ નથી. દરેક વ્યક્તિમાં કોઈને કોઈ ખામી અને ખૂબી રહેલી જ હોય છે, પણ એ ખામી અને ખૂબીથીજ આપણે સંપૂર્ણ બનીયે છીયે, પરંતુ બે માંથી એક વસ્તુ આપણામાં ન હોય તો આપણું જીવન એકદમ નીરસ બની શકે.

૩. એકાગ્રતા સૌથી શક્તિશાળી શસ્ત્ર છે. તેની મદદ થી કોઈ પણ સ્પર્ધા કે જંગ જીતી શકાય છે. કોઈ પણ પ્રતિભાશાલી વ્યક્તિની જીવનશૈલી ચકાસવાથી તરત જ સમજાસે કે તેમની પ્રતિભાનો એ ઉજાસ નિઃશંક પણે એકાગ્રતાને આભારી છે.

૪. વાણી અને ભાષાથી વ્યક્તિના સંસ્કારોની ઓળખ થાય છે. ઉંચા સ્થાને પંહોચેલી વ્યક્તિ લાયકાત અને ગુણ ધરાવતી હોય તો એ અન્ય સાથે ઉધ્ધતાઈ કરતી નથી.

૫. વ્યક્તિમાં રહેલી પ્રતિભાની સાચી પરખ તો મુશ્કેલીના સમયમાં જ થાય છે.

૬. વિનમ્રતા અને ઉદ્ધતાઈ વચ્ચે આજ તફાવત છે. વિનમ્રતા આગળ કોઈપણ ઝૂકે છે અને ઉધ્ધતાઈ સામે કોઈ ઝૂકતું નથી.

૭. મહાન કંઈ મોટી વાતો કરવાથી કે ગૂઢ લેખો લખવાથી નથી બનાતું, એ માટે ઉચ્ચ જીવનની સાથે વ્યવહારમાં પણ તેનો અમલ થવો જોઈએ. કોઈ તમને એક ગાલે લાફો મારે તો બીજો ગાલ ધરજો એવું કહેનાર ગાંધીજી મહાન ગણાય છે.

૮. કહેવાય છે કે જીવન 'કેટલું જીવો છો એ નહીં પણ કેવું જીવો છો' એ મહત્વનું છે.

૯. બીન જરૂરી ખર્ચથી અસંતુલન પેદા થાય છે, પરંતુ પોતાની જરૂરીયાતોને મર્યાદીત રાખીને સમજદારીથી કામ ચલાવનાર વ્યક્તિનું જીવન અત્યંત સારૂં અને સંતુલિન હોય છે.

૧૦. ગેરમાર્ગે દોરાયેલા લોકોને આકરા શબ્દો કે શિખામણની બદલે તેઓ શાનમાં સારી રીતે સમજી શકે તેવો વ્યવહાર વધારે અસરકારક સાબિત થાય છે.

**– જયાબેન મગનલાલ મારૂ**

## ઉમીદોની દુકાન

પહેલી નવેમ્બર ૨૦૧૩થી આજ સુધી સ્ટ્રેચર ઉપર પડયા પડયા હું સંપૂર્ણ દવાખાનામાં ફરતો હતો રજીસ્ટ્રેશન કાઉન્ટર, તબીબી તપાસ, એકસ-રે રૂમ ઈ.સી.જી રૂમ, ટુ.ડી. એકો, સ્કેનીંગ, ઑપરેશન રૂમ, ડ્રેસિંગ રૂમ અને પ્રાઈવેટ રૂમ. ત્યારે દવાખાનાની છતના મને દર્શન થતા હતા. સ્ટ્રેચર ઉપર મારો ભવિષ્ય અધ્ધર હતો.

આજ સાજો થઈને રૂમની બહાર આવી રૂમની લોબી જોઈ ક્ષિતિજ સુધી કાંઈક ઊમીદના પુલ બંધાણા. જીવનની અસમંજસ છતની રૂપમાં કેટલી વિશાલ હોય છે, અને લોબીની ક્ષિતિજના રૂપમાં જીવનની ઉમીદ દવાખાનાની તુલનામાં કેટલી નગણ્ય હોય છે એનો અહેસાસ આજ મને થાય છે. પણ એજ ઉમીદની ક્ષિતિજ કેટલાક તોફાનોમાંથી મનુષ્ય ને ઉગારી લે છે.

**– હંસકુમાર સાયલા**


JCI
Banjara Hyderabad
Jayceerette Wing of
Junior Chamber International
Banjara Hyderabad
let's do it
Presents
CHEF ASHA ZAYKA
Powered by: Mercure
COOKING CLASSES
Date: 7th & 8th January 2014
Time: 10.00 am - 5.00 pm
Venue: Hotel Mercure, Abids.
"Gourmet Queen"
Asha Khatau
Winner of the
"Best Vegetarian Book in the World"
at France.
Vegetarian Fusion Cuisines
FOR REGISTRATION & DETAILS CONTACT
PROJECT ADVISORS
Jcrt Radhika Malani - 9885132664
Jcrt Pooja Agarwal - 9395580001
CHAIRPERSON 2014
Jcrt Reetu Gupta - 9246299158
SECRETARY 2014
Jcrt Preeti Dasot - 9346799953
PROJECT CO-ORDINATORS
Jcrt Anuradha Chitlangya
Jcrt Deepshree Sarda
Jcrt Hema Lohiya
Jcrt Mamta Bhandari
Jcrt Neelam Bohra
Jcrt Pooja Rathi
Jcrt Reema Mehta
Jcrt Sangeeta Bansal
Jcrt Sangeeta Jaju
Jcrt Shilpi Gupta
Event Sponsor
Shalimar
ROLLER FLOUR MILL
FACTORY : S.NO.206, PATTI, PATTANCHERU, DIST. MEDAK. (A.P.)

(જા.ખ.)

## Medicine for the 21st Century
## એકવીસમી સદીની ઔષધિ
## "Coenzyme Q 10"

હૃદય રોગના નિવારણ અને એની કામયાબ ચિકિત્સા માટેનું એક ચમત્કારિક પોષક (પૂરકનાવ)

'પહેલું સુખ તે નિરોગી કાયા', 'જાન હૈ તો જહાઁ હૈ' આવું ઘણું બધું આપણે હમેશા થી સાંભળતા આવ્યા છીએ પણ માત્ર સાંભળવાથી કાંઈ નથી થતું. પોતાની કાયા ને નિરોગી રાખવા સ્વાસ્થ્યની સંભાળ રાખવા, એના પ્રત્યે જાગૃત રહેવું એવી બાબતે પૂર્ણ તકે દારી રાખવી જરૂરી છે. કારણ કે "Prevention is better then cure"

અને આજ બાબત ને લક્ષમાં રાખતા આ લેખ દ્વારા, ચિકિત્સાના ક્ષેત્રમાં થયેલ એક એવી મહત્વપૂર્ણ શોધ-એક એવા જાદુઈ પોષક તત્વની જાણ આપ સૌને કરવા ઈચ્છીએ છીએ, આ જાદુઈ પોષક, પૂરક તત્વ (Supplement) છે –

## Conzyme Q. 10

સૈકડોં વૈજ્ઞાનિક અધ્યયનો, કરેલ ઉપચારો અને હૃદય રોગના નિષ્ણાતો, વિશેષજ્ઞો દ્વારા આ સિધ્ધ કરવામાં આવ્યું છે કે માનવ શરીરમાં દરેક જીવીત કોશિકાઓ દ્વારા ઉત્પન્ન થતું આ દ્રવ્ય હૃદય રોગના અનેક પ્રકારના હુમલાઓ, ઉચ્ચ રક્ત-ચાપ, હૃ-દયની શલ્ય ચિકિત્સા જેવી અગત્યની માંદગીઓમાં ઉપચાર માટે ખૂબજ લાભદાયી પૂરવાર થયેલ છે.

Conezyme Q. 10 એક એવો વિટામિન છે જે માનવ શરીરમાં, બનતા પ્રાકૃતિક દ્રવ્ય જેવો છે અને એ આપણા શરીર માટે ખૂબજ જરૂરી છે. એનું સ્તર (level) કોશિકામાં ઓછું થવાથી આપણા શરીર પર એની અસર થાય છે. માટે એની પર્યાપ્ત માત્રા લેવી ખૂબજ જરૂરી છે. CO Q.10 એક Anti Oxident છે જેનું સંબંધ સીધું શરીરની ઉર્જા સાથે છે અને આ ઉર્જા પર્યાપ્ત માત્રામાં ઑકસીજન વિટામિન અને પોષક તત્વોથી મેળવવી જરૂરી છે અને એનાથી આપણાં શરીરની કોશિકાઓમાં આ દ્રવ્ય બને છે પણ જ્યારે આ દ્રવ્યની શરીરમાં કમી થાય છે. ત્યારે કૃત્રિમ રૂપે CO Q 10 ની પૂર્તિ દવાના રૂપમાં કરવામાં આવે છે.

તો સ્વાસ્થ્ય પ્રેમીઓ આપણે સૌ જાગૃત થઈએ અને આ અદ્ભુત તત્વ વિશે વધુ જાણકારી પ્રાપ્ત કરીએ. દાખલા તરીકે આની શોધ, ઈતિહાસ, રચના, કેમ અને ક્યારે લેવાય, કઈ બીમારીઓમાં આની અસર થાય અને ઉપયોગી છે આવા બધા પ્રશ્નોના નિરાકરણ અને વિસ્તૃત જાણકારી આપતી એક સ્વાસ્થ્ય પત્રિકા છે. Coenzyme Q 1.0 and the Heart

હૃદય રોગના વિશેષજ્ઞ Stephen T. Sinatra M.D., F.A.C.C. (અમેરિકન કોલેજ ઑફ કાર્ડિયોલોજીના સદસ્ય, અને ડાયેકટર ઑફ મેડિકલ એજ્યુકેશન, મેનચેસ્ટર મેમોરિયલ હોસ્પિટલ) દ્વારા લખી પ્રકાશિત કરવામાં આવી છે જે આપણાં મિત્ર મંડળના સભ્ય શ્રી પંકજભાઈ વલ્લભજી સાવલા પાસે ઉપલબ્ધ છે. આ બાબતે વધુ માહિતી મેળવવા આપ શ્રી પંકજ સાવલાનો સંપર્ક કરી શકો છો. સંપર્ક સૂત્ર - ૯૩૯૪૫૫૩૧૫૪. (અનુવાદક શ્રીમતી રશ્મીબેન લોડાયા)

નિબંધ હરિફાઈમાં આવેલ પ્રથમ કૃતિ

# પારકી આશ સદા નિરાશ

ઉપરોક્ત કહેવત કદાચ કેટલાય વર્ષો પૂર્વે રચાઈ હશે પણ આજ લગી એનો સાચો ભાવાર્થ યથાવત છે. હજી કદાચ આગળજતાં આ કહેવતનું સાતત્ય વધતું જશે કારણ કે આપણે જાણીએ છીએ કોઈએ આપેલ ઠાલી આશા થકી કાર્યો કેટલા વિલંબમાં પડે છે અથવા સંતોષકારક થતા નથી. ભલે દરેક કિસ્સામાં આમ થતું નથી. કોઈ પણ કામ પહેલાં સ્વબળે જ કરવાની કોશિશ કરવી જોઈએ. કદાચ એ ધાર્યા જેટલું વ્યવસ્થિત ન પણ થાય અથવા થોડો વધુ સમય લાગે પણ જાતે કરેલ કાર્ય થકી આત્મ સંતોષ થાય છે. અનુભવ મળે છે એને આગળ બીજા કામ કરવાની ધગશ જાગે છે, બીજાને કંઈ કામ સોપ્યું હોય ત્યારે આપણી એની પાસે અપેક્ષા વધી જાય છે, ને કામ થતું નથી ત્યારે આપણને એમ લાગે છે કે મારી ઉપેક્ષા થઈ રહી છે. અને આવા વિચારોથી મન નિરાશ થઈ જાય છે, તેથી કોઈ વાર સામી વ્યક્તિ સાથે સંબંધોમાં શીધીલતા આવી જાય છે.

સામે છેડે આપણે પણ કોઈને ખોટી આશા નહી બંધાવવાની આપણાથી કોઈને મદદ થઈ શકે અથવા એના માટે આપણે સમર્થ હોઈએ તોજ એને દિલાસો આપવો. તે કામ થઈ જાયતો લોકોમાં તમારા પરનો વિશ્વાસ વધે. પણ હાલ હાલમાં તો એનાથી ઊંધુ થઈ રહ્યું છે. કામ કરતા પહેલાંજ ખોટા બણગાં ફૂકવાનો અને લોક મુખે પોતાની વાહ વાહ સાંભળવાની આદત પડી ગઈ છે. આપણા રાજકારણીઓને જ લઈ લ્યો, સત્તાની કેટલી લાલસા છે ? ચુંટણી પ્રચારમાં કેટલીએ આશાઓ બંધાવે છે ? વાયદાઓનો વરસાદ પાડે છે. ભોળી પ્રજા એમા ભિજાંઈને ભાવનાઓમાં વહી જાય છે પોતાનો સ્વાર્થ સધાયા પછી એજ નેતાઓ મોઢું ફેરવી લે છે.

આપણા રોજીંદા જીવનમાં પણ આપણને માઠા અનુભવો થતા જ હોય છે "તમે ચિંતા નહીં કરતા ફલાણાથી વાત કરી તમારૂં કામ હું કરાવી આપીશ" એમ આપણને કોઈ આશા બંધાવે, દસ પંદર દિવસ પછી પુછીએ તો જવાબ આપે, "અરેરે બીજા એટલાં કામ છે કે તમારી વાત તો ભુલાઈ જ ગઈ, હવે બે ત્રણ દિવસમાં કામ થઈ ગયું સમજો, હુ જાતે તમને ફોન કરીને જણાવીશ વળી આઠ દસ દિવસે પૂછો તો કેવો જવાબ મળે?" તમે તો યાર પાછળજ પડી ગયા, ટાઈમતો લાગે ને ? તે એટલી ઉતાવળ હોય તો જાતેજ કરી લેવું જોઈએ ને ? થઈ રહ્યું કામ પણ ન થયુ ને સંબંધોમાં કડવાશ આવી તે નફામાં...

પારકાપર આશાની ક્યાં વાત છે ! હવે તો પોતાના સ્વજનો પર પણ વધારે આશા રાખવી ઉચિત નથી. એકમેકને સમજવામાં ઉણપ આવતી જાય છે સગાઓ માટે સમય નથી, વડિલોથી વાત કરવાનો ટાઈમ નથી, ને મોબાઈલ પાછળ ફૂરસદ નથી, લાગણીઓમાં તિરાડો પડતી જાય છે, સ્વાર્થ વૃતિ વધતી જાય છે. સંપતિને વધુ મહત્વ અપાય છે. પાછલી જીંદગીમાં બરોબર પોષણ મળશે એ આશા કદાચ ઠગારી નીવડે. પોતાના જીવન નિર્વાહ માટે કંઈ પણ વ્યવસ્થા કરી રાખવી હિતાવહ છે, જેથી સ્વમાનથી જીવીને મરી શકાય ભલે "આશા અમર છે" પણ "પારકી આશ તો સદા નિરાશ" એ હકીકત સ્વીકારેજ છૂટકો.

લી. **"અજ્ઞાની" મહેન્દ્ર વોરા**

## મહાન લોકોના અનુભવની ૧૬ વાતો

૧. ગુણ - ન હોય તો રૂપ વ્યર્થ છે.
૨. વિનમ્રતા - ન હોય તો વિદ્યા વ્યર્થ છે.
૩. ઉપયોગ - ન આવે તો ધન વ્યર્થ છે.
૪. સાહસ - ન હોય તો હથિયાર વ્યર્થ છે.
૫. ભૂખ - ન હોય તો ભોજન વ્યર્થ છે.
૬. હોશ - ન હોય તો જોશ વ્યર્થ છે.
૭. પરોપકાર - ન કરનારાઓનું જીવન વ્યર્થ છે.
૮. ગુસ્સો - અકલને ખાઈ જાય છે.
૯. અહંકાર - મનને ખાઈ જાય છે.
૧૦. ચિંતા - આયુને ખાઈ જાય છે.
૧૧. રિશ્વત - ઈન્સાફને ખાઈ જાય છે.
૧૨. લાલચ - ઈમાનને ખાઈ જાય છે.
૧૩. દાન - કરવાથી દરિદ્રતાનો અંત થઈ જાય છે.
૧૪. સુંદરતા-લજ્જા (લાજ) વગરની સુંદરતા વ્યર્થ છે.
૧૫. દોસ્ત-ચિડાતો દોસ્ત હસતા દુશ્મન કરતા સારો છે.
૧૬. ચહેરો-માણસની કિમત તેની સૂરતથી નહીં પણ સીરત અર્થાત ગુણોથી લગાવવી જોઈએ.

# વોરા નૂખના ભાવિકોની સમૂહ પહેડી

સવિનય જણાવવાનું કે વોરા નૂખના અંભઈ માને નમતાં ભાવિકોની સમૂહ પહેડી રવિવાર તા. ૨૯-૧૨-૨૦૧૩ ના સવારના ૯.૩૦ કલાકે કચ્છી ભવન મધ્યે રાખવામાં આવેલ છે. સમયસર પધારવા વિનંતી.

આ પ્રસંગે વોરા નૂખના સર્વે ભાવિકોને સહ પરિવાર તથા નિયાણી બહેનોને સજોડે પધારવા ભાવભર્યું આમંત્રણ છે.

**સામૈયું : ૧૦.૦૦ કલાકે** **માતાજીને પ્રસાદ જુહારવાનું : ૧૨.૦૦ કલાકે**
**પ્રિતીભોજન : ૧.૦૦ કલાકે થી**

સમસ્ત કાર્યક્રમના લાભાર્થી
**શ્રીમતી નીતાબેન નિતીન ટોકરશી વોરા (નવીનાર)**
તા.ક. કાળાવસ્ત્રો પહેરી આવવું નહીં...
શ્રીફળ પ્રસાદ નહીં લાવવા વિનંતી

લી. **વોરા ભાવિક મંડળ**

સંપર્ક : **મહેન્દ્ર વોરા - ૯૨૪૬૧ ૮૫૬૩૧, નરેશ વોરા-૯૩૯૧૨ ૨૩૩૭૫** (જા.ખ.)

શુભ ॥ અનંત ચૌવિશી જીન નમો ॥ લાભ



# શ્રી કુલપાકજી તીર્થ યાત્રી સંઘ (Regd.)

**(માતુશ્રી વિમળાબેન મગનલાલ ભેદા પરિવાર)**

૩-૪-૨૧૫/એ, આર.કે. કૉમ્પ્લેક્સ, બેન્ક ઓફ ઈન્ડીયાની ઉપર,
કાચીગુડા, હૈદરાબાદ ૫૦૦ ૦૨૭. આં.પ્ર. ફોન : ૬૬૩૬ ૨૫૪૫, ૨૭૫૬ ૨૫૪૫

સંચાલક : **હંસકુમાર રાયચંદ સાયલા** ફોન. ૯૨૪૬૫૩૨૫૪૫

પ્રચાર સંયોજક : **રિદ્ધીશ રમેશ જાગીરદાર** ફોન. ૯૮૯૯૯૮૮૯૯૯

---

દર મહિનાના પહેલા રવિવારે કાચીગુડાથી શ્રી કુલપાકજી તીર્થ યાત્રા માટે એક બસની વ્યવસ્થા છે. નકરો વ્યક્તિ દીઠ રૂ. ૫૦/- માત્ર.

શ્રી સંઘના ખાસ કરી નાના ભુલકાઓને તીર્થ સ્પર્થના કરાવો એમના મનમાં ધર્મ આરાધનાની જાગૃતી કરવાના પ્રયાસ રૂપે ઓકટોમ્બર ૨૦૧૩ના સ્થાનકવાસી સંપ્રદાયના બુક એવું બર્ન પાઠશાલાના લગભગ ૧૦૦ વિદ્યાર્થી તથા તેમના ટીચરદીદીઓને શ્રી કુલપાક લઈ જવામાં આવેલ. એક યુનીફોર્મમાં મંદીરજીના રંગ મંડપમાં વિદ્યાર્થીઓ દ્વારા કરવામાં આવેલ આરાધનાથી એક અનેરૂં વાતાવરણ નિર્માણ થયેલ હતો. મંદિરનો પરીસર ખીલી ઉઠયો હતો.

શ્રી સંઘે જ્યારે-જ્યારે પણ અવનવી પ્રવૃત્તિઓનું પ્રયાસ કરેલ છે. ત્યારે-ત્યારે સુંદર પ્રતિસાદ મળેલ છે.

ધીરે ધીરે શ્રી સંઘમાં ખંતિલા કાર્યકર્તાઓની ટીમ ઊભી થઈ રહી છે. ઊલ્લેખનીય નામોમાં શ્રી પિયુષભાઈ, શ્રી સતીષભાઈ જેઓએ મારી ગેરહાજરીમાં યાત્રાનું સુંદર સંચાલન કરેલ. જેથી સંઘની પ્રવૃતીઓમાં ક્યારે પણ ખલેલ આવશે નહી એવો આત્મ વિશ્વાસ વધતો જાય છે.

શ્રી સંઘ શુધ્ધ ધર્મ આરાધના માટે કટીબદ્ધ છે. વધારે ને વધારે ભાવિકોના મનમાં ધર્મ આરાધના કરવાની અનુમોદના પોતાની પ્રવૃત્તીઓ દ્વારા થતી રહે એજ અભ્યર્થના.

*કાયમી સંઘપતિ તથા વિજ્ઞાપન સૌજન્ય :*

**માતુશ્રી દેવયાનીબેન કલ્યાણજી રામજી રવજી સોજપાર ગાલા,**

ગામ મોટા લાયજા-કચ્છ, હાલ મુંબઈ

**હસ્તે શ્રીમતિ મમતાબેન (તારાબેન) ભુપેન્દ્ર કલ્યાણજી ગાલા મુમુક્ષુ પરિવારના જયજિનેન્દ્ર** (જા.ખ.)